મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સીઆર પાટીલ દિલ્હી રવાના

ઉમેદવારો નક્કી કરવા બેઠક : મોદીની અધ્યક્ષતા બેઠકમાં ભાજપ ચૂંટણીની તૈયારીઓ અને ઉમેદવારો નક્કી કરવા એક્શન પ્લાન ઘડી શકે છે

ગાંધીનગર,તા.૧૪

હિમાચલ પ્રદેશની વિધાનસભા ચૂંટણીની જાહેરાત બાદ હવે ગુજરાત વિધાનસભાની ચૂંટણીની જાહેરાતને હવે ગણતરીનો સમય બાકી રહ્યો છે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં દિલ્હીમાં મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે. વિધાનસભાની ચૂંટણી અંગેની બેઠકમાં ભાગ લેવા ગુજરાના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ અધ્યક્ષ સીઆર પાટીલ તાત્કાલિક દિલ્હી પહોંચ્યા છે.

પીએમ નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં દિલ્હીમાં મહત્વની બેઠકમાં ભાજપ ચૂંટણીની તૈયારીઓ અને ઉમેદવારો નક્કી કરવા એક્શન પ્લાન ઘડી શકે છે. આ વચ્ચે મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખની હાઈકમાન્ડ સાથેની મુલાકાત સૂચક માનવામાં આવી રહી છે.

ગુજરાતમાં વિધાનસભાની કુલ ૧૮૨ સીટ છે. તેમાં ૪૦ સીટ આરક્ષિત છે. ૧૩ સીટ અનુસૂચિત જાતિ માટે અને ૨૭ સીટ અનુસૂચિત જનજાતિ આદિવાસી સમાજ માટે રિઝર્વ છે. ૨૦૧૭ ની ચૂંટણીમાં બીજેપીને ૯૯, કોંગ્રેસને ૭૭ સીટ મળી હતી. તો બે સીટ ભારતીય ટ્રાઈબલ પાર્ટી, એક સીટ એનસીપીને મળી હતી. બાકીની ત્રણ સીટ પર અપક્ષની જીત થઈ હતી. તેમાં કોંગ્રેસના સમર્થિત જિગ્નેશ મેવાણી સામેલ છે. ગુજરાતમાં લાંબા સમયથી ચૂંટણી વચ્ચે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે, પરંતુ પહેલીવાર એવુ થયું છે કે આમ આદમી પાર્ટી તનતોડ મહેનત કરીને લોકો વચ્ચે આવી રહી છે.

હાલ ગુજરાતમાં ભાજપ સંગઠનની ગૌરવ યાત્રા ચાલી રહી છે. એ ૧૭ ઓક્ટોબર સુધી છે. એ પછી તરત રાજ્ય સરકાર દ્વારા ૧૬ જિલ્લાઓમાં ગરીબ કલ્યાણ મેળા થવાના છે. એ સંપૂર્ણતઃ ચૂંટણીલક્ષી જ છે. જો આજે ચૂંટણી જાહેર થઈ જાય તો તાત્કાલિક આચારસંહિતા લાગુ થઈ જાય અને તો બધા જ કાર્યક્રમો અટકી પડે. તેથી ગુજરાતની ચૂંટણીની જાહેરાત દિવાળી આસપાસ જ થશે તેવુ અનુમાન છે.૨૦૨૨ ની ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ ની જેમ બે ભાગમાં થશે. ત્યારે આજે ચૂંટણીની તારીખો જાહેર થવાની ચર્ચા છે. તો હિમાચલમાં માત્ર એક જ ચરણમાં ઈલેક્શન થશે. ગુજરાતમાં પહેલા ફેઝનું વોટિંગ ૨૭ અથવા ૩૦ નવેમ્બરની તારીખ હોઈ શકે છે. તો બીજા ફેઝના વોટિંગ માટે ૪ ડિસેમ્બરની તારીખ જાહેર થઈ શકે છે તેવુ કહેવાય છે.૧૦મી ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ મતદારયાદી અનુસાર, રાજ્યમાં કુલ ૪,૯૦,૮૯,૭૬૫ મતદારો નોંધાયા છે, જેમાં ૧૪૧૭ જેટલા ટ્રાન્સજેન્ડર મતદારોનો પણ સમાવેશ થાય છે, જેઓ આગામી વિધાનસભા ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. કુલ મતદારોમાં ૨,૫૩,૩૬,૬૧૦ પુરૂષ અને ૨,૩૭,૫૧,૭૩૮ મહિલા મતદારો નોંધાયા છે. કુલ ૧૧,૬૨,૫૨૮ જેટલા નવા મતદારો નોંધાયા છે.

રાજ્યમાં ૧૮થી ૧૯ વયના જૂથમાં ૪.૬૧ લાખથી વધુ યુવા મતદારોએ નોંધણી કરાવી છે, જે પૈકી ૨.૬૮ લાખથી વધુ યુવા પુરુષ અને ૧.૯૩ લાખથી વધુ યુવા મહિલા મતદારોનો સમાવેશ થાય છે.

કાલુપર રેલવે સ્ટેશન પ્લેટફોર્મ ટિકિટના ભાવ વધારો થયો

પ્લેટફોર્મ ટિકિટના ૨૦ રૂપિયા આપવા પડશે : બિનજરૂરી ભીડ ના થાય તે માટે નિર્ણય

દિવાળીના સમયમાં ટ્રેન-ફ્લાઈટની ડિમાન્ડ વધી જતી હોય છે. આ સમયે અનેક લોકો પોતાના ઘરે જાય છે, તો કેટલાક પોતાના સંબંધીઓના ઘરે જતા હોય છે. તો કેટલાક દિવાળીની રજાઓમાં ફરવા ઉપડી જતા હોય છે. આવામાં જો તમારા સંબંધીઓને અમદાવાદ સ્ટેશન પર લેવા કે મૂકવા જવુ હોય તો તમારે વધુ રૂપિયા ચૂકવવા પડશે. રેલવે પ્લેટફોર્મની ટિકિટના ભાવમાં ૧૦ રૂપિયાનો વધારો થયો છે. આવતીકાલ ૧૫ ઓક્ટોબરથી અમદાવાદીઓને કાલુપુર રેલવે સ્ટેશન ઉપર પરિજનોને મુકવા કે લેવા જવુ મોંઘુ પડશે. કારણ કે, રેલવે પ્લેટફોર્મની ટિકિટના ભાવમાં ૧૦ રૂપિયાનો વધારો કરાયો છે. પ્લેટફોર્મ ટિકિટના દર ૧૦ રૂપિયાથી વધારી ૨૦ રૂપિયા રાખવામાં આવ્યો છે. આ નિર્ણય દિવાળી વેકેશનમાં ઉમટી પડતી ભીડને લઈને લેવાયો છે. માત્ર ૧૫ ઓક્ટોબરથી ૧૦ નવેમ્બર સુધી જ ૨૦ રૂપિયા ચૂકવવા પડશે. તે પછી ૧૦ નવેમ્બર બાદથી રેગ્યુલર ૧૦ રૂપિયા વસૂલાશે. વેકેશનના સમયે અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર બિનજરૂરી ભીડ ન થાય તે માટે નિર્ણય લેવાયો છે. પરંતુ હવેથી તમને સ્ટેશન પર પરિજનોને મૂકવા કે લેવા જવું મોંઘું પડશે. મહત્વનું છે કે રેલવે પ્લેટફોર્મ પર જવાની ટિકિટ ૧૦ રૂપિયા છે.

કેન્દ્રીય મંત્રી પુરસોત્તમ રૂપાલાનું નિવેદન

પાટીદાર અને ભાજપ એકબીજાના પર્યાય, ચૂંટણી આવે એટલે સીઝનલ સ્કીમો તો ચાલુ રહેવાની

ગ્રામીણ વિસ્તારોના માધ્યમ બનાવી ભાજપ વિકાસ ગાથા મતદારો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરી રહી છે

અરવલ્લી,તા.૧૪

જિલ્લામાં ગુજરાત ગૌરવ યાત્રાના બીજા દિવસે મોડાસા ભાજપ કાર્યાલય ખાતેથી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. મોડાસા ખાતેથી કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા તેમજ બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીની આગેવાનીમાં યાત્રા શરૂ કરવામાં આવી હતી. મોડાસાથી શરૂ થયેલી ગુજરાત ગૌરવ યાત્રા તલોદ, પ્રાંતિજ, ગાંભોઇ થઈ વડનગર પહોંચશે.

ગ્રામીણ વિસ્તારોના માધ્યમ બનાવી ભાજપ વિકાસ ગાથા મતદારો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરી રહી છે.પત્રકારોને સંબોધતા પુરુષોત્તમ રૂપાલાએ પાટીદારોને ભાજપ અન્યાય કરતી હોવાના આક્ષેપ સામે ભાજપમાં પાટીદાર સમાજ બહુમતીમાં છે, જે કોઈ પણ કાર્યક્રમમાં જોવા મળશે સાથે ભાજપ અને પાટીદાર સમાજ એક બીજાનો પર્યાય છે તેવું નિવેદન પણ તેમને આપ્યું હતું. ગોપાલ ઈટાલિયાના પાટીદારો અંગેના નિવેદન પર કેન્દ્રીય મંત્રી પુરસોત્તમ રૂપાલાનું નિવેદન સામે આવ્યું છે. અહીં તેમણે નિવેદન આપ્યું હતું કે, પાટીદાર અને ભાજપ એકબીજાના પર્યાય છે. ભાજપ અને પાટીદારો એકબીજાના પર્યાય હતા અને રહેશે. ચૂંટણી આવે એટલે સીઝનલ સ્કીમો તો ચાલુ રહેવાની. વિધાનસભા ચૂંટણી પહેલા પુરષોતમ રૂપાલાનું મહત્વનું નિવેદન સામે આવ્યું છે.

કેન્દ્રીય મંત્રી રૂપાલાએ આ સૂત્રો માટે કહ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી શુ આયોજિત રણનીતિ બનાવી ચૂંટણી લડતી હોય છે અને એમાં પણ સૂત્રો લોકોને સમજાઈ તેવા હોય છે એટલા માટે આ વખતે ભાજપ દ્વારા ભરોસાની ભાજપ સરકારનું સૂત્ર આપવામાં આવ્યું છે.

રાઘવ ચઢ્ઢાએ સોમનાથ મંદિરમાં કર્યા દર્શન

આપના સહ પ્રભારી રાઘવ ચઢ્ઢા હાલમાં ગુજરાત પ્રવાસે

આપ ચૂંટણીમાં ભાજપ પર જીત મેળવે તેવી ભગવાન શિવને પ્રાર્થના કરી છે

ગીર સોમનાથ,તા.૧૪

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ તથા ગુજરાત પ્રદેશ સહ પ્રભારી રાઘવ ચઢ્ઢા હાલમાં ગુજરાત પ્રવાસે છે. આ દરમિયાન તેમણે સોમનાથ મંદિરમાં દર્શન કર્યા હતા.

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના દર્શન બાદ રાઘવ ચઢ્ઢાએ કહ્યું, મહાદેવના દર્શન કરવાનો અવસર મળ્યો એ મારા માટે સૌભાગ્યની વાત છે. વધુમાં તેમણે કહ્યું, કે ભ્રષ્ટ ભાજપની સામે અમને લડવાની શક્તિ આપવા માટે મેં શિવજીને પ્રાર્થના કરી છે. દિવાળી નજીક છે ભગવાન રામે રાવણ પર જીત મેળવી હતી, એજ જ રીતે 'આમ આદમી પાર્ટી' પણ ૨૦૨૨ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભાજપ પર જીત મેળવે તેવી ભગવાન શિવને પ્રાર્થના કરી છે.

રાઘવ ચઢ્ઢાએ કહ્યું, ગુજરાતની સમૃદ્ધિ માટે, દેશની સમૃદ્ધિ માટે, દેશના દરેક પરિવારની ખુશી માટે, દરેક નાગરિકના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી છે. અમને લોકો તરફથી સારો પ્રતિભાવ મળી રહ્યો છે લોકો કહી રહ્યા છે કે 'હવે પરિવર્તન આવશે'. રાઘવ ચઢ્ઢાએ સોમનાથ મંદિરના મહંતને મળીને ગુજરાત અને દેશના વિકાસ માટે આશીર્વાદ લીધા.

ગુજરાત સરકારે ટેટ-૧ અને ૨ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો

ટેટ-૨ના ફોર્મ ભરાવવાની શરૂઆત ૨૧ ઓક્ટોબરથી : રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ટૂંક સમયમાં જાહેરનામું પ્રસિદ્ધ કરાશે

ગાંધીનગર,તા.૧૪

મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે, ટેટ-૧ અને ૨ની પરીક્ષાને માટે ઉમેદવારોની લાગણી અને માગણી હતી. ધોરણ ૧થી ૫માં શિક્ષક થવાની પરીક્ષા એટલે કે ટેટ-૧ અને ધોરણ ૬થી ૮માં શિક્ષક થવાની પરીક્ષા એટલે કે ટેટ-૨ના ફોર્મ ભરાવવાની શરૂઆત ૨૧ ઓક્ટોબરથી થશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આ અંગે ટૂંક સમયમાં જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે. માર્ચ ૨૦૧૮માં ટેટ-૧ની પરીક્ષા લેવાઈ હતી. ટેટ-૨ની પરીક્ષા ઓગસ્ટ-૨૦૧૭માં લેવાઈ હતી. વર્ષ ૨૦૧૮ની ટેટ-૧ની પરીક્ષામાં ૭૫ હજાર ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. વર્ષ ૨૦૧૭માં લેવાયેલી ટેટ-૨ની પરીક્ષામાં ૨,૧૫,૦૦૦ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા.

જીતુ વાઘાણીએ જણાવ્યું કે, મને એવું લાગે છે કે આ વખતે ૩.૫ લાખથી વધુ ઉમેદવારો આ પરીક્ષા માટે અરજી કરશે. ૧૭ ઓક્ટોબરના રોજ જાહેરનામું પ્રસિદ્ધ થશે. ૧૮ ઓક્ટોબરના રોજ વર્તમાન પત્રોમાં કસોટીની જાહેરાત પ્રસિદ્ધ થશે. ઉમેદવારો ૨૧ ઓક્ટોબર, ૨૦૨૨થી ૫ ડિસેમ્બર, ૨૦૨૨ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે. ઉમેદવારો નેટ બેંકિંગ દ્વારા ઓનલાઈન ૨૧ ઓક્ટોબરથી ૫ ડિસેમ્બર સુધી ફી ભરી શકશે. આ ઉપરાંત ઉમેદવારો ૭ ડિસેમ્બર, ૨૦૨૨થી ૧૨ ડિસેમ્બર, ૨૦૨૨ સુધી લેટ ફી ભરી શકશે. તેમણે જણાવ્યું કે, પરીક્ષાની સંભવિત તારીખો પણ આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અમે જાહેર કરીશું. આ પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ લેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, શિક્ષક અને શિક્ષણ સહાયકની ભરતીમાં ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિક્ષણમાં સરળતા રહે તે મોટી જાહેરાત કરવામાં આવી છે. શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, તજજ્ઞ સમિતિ દ્વારા સૂચવેલ સુધારા મુજબદિવ્યાંગ વિદ્યાર્થીઓ સાથે જોડાયેલી સંસ્થાઓમા ભરતી પ્રક્રિયા ઝડપી થશે. આપને જણાવી દઈએ કે સરકારના આ નિર્ણયથી દિવ્યાંગને ભણાવવા માટે શિક્ષકને જરૂરિયાત મુજબ તાત્કાલિક ખાલી જગ્યામાં ભરી દેવામાં આવશે.

પંચમહાલ આદિજાતિ વિસ્તાર ગોધરાથી ગરીબોના સશક્તિકરણ માટેના

ગરીબ કલ્યાણ મેળાની ૧૩મી કડીનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

બે દિવસીય ગરીબ કલ્યાણ મેળા અભિયાન અંતર્ગત ૩૩ જિલ્લાઓમાં ૩૭ ગરીબ કલ્યાણ મેળા : ૧૨ તબક્કામાં ૧૫૬૭ ગરીબ કલ્યાણ મેળાઓના માધ્યમથી ૧.૬૫ કરોડ દરિદ્રનારાયણોને ૩૪,૫૯૬ કરોડના લાભ-સહાય હાથોહાથ પહોંચાડ્યા છે

ગાંધીનગર, તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગરીબોના સશક્તિકરણ માટેના ગરીબ કલ્યાણ મેળાની ૧૩મી કડીનો આદિજાતિ વિસ્તાર ગોધરાથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતાં સ્પષ્ટપણે કહ્યું કે, ગરીબો, વંચિતોને સરકારી યોજનાઓના લાભ હાથોહાથ પહોંચાડી તેમને આત્મનિર્ભર બનાવવા સરકાર તેમની પડખે ઊભી છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રીનો પદભાર સંભાળતાં જ તેમના પ્રથમ પ્રવચનમાં કહ્યું હતું કે સરકાર ગરીબ, વંચિત, પીડિત, શોષિત, અંત્યોદય ઉત્થાનને અગ્રતા આપશે. આ વાતને ગરીબ કલ્યાણ મેળાએ ચરિતાર્થ કરી છે. મુખ્યમંત્રીએ આદિજાતિ જિલ્લા પંચમહાલ-ગોધરાથી આ ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ કરાવતાં એકજ દિવસમાં ૩૫,૫૮૩ ઉપરાંત લાભાર્થીઓને ૨૮૧ કરોડ રૂપિયાની વિવિધ સહાયનું વિતરણ કર્યુ હતું. રાજ્યના અન્ય જિલ્લા મથકોએ રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ, પદાધિકારીઓએ ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. ૧૩મી કડીના આ ગરીબ કલ્યાણ મેળાઓ તા.૧૪ અને ૧૫ બે દિવસ માટે ૩૩ જિલ્લા અને ૪ મહાનગરો મળી ૩૭ સ્થળોએ યોજાવાના છે. રાજ્ય સરકારના કાર્યમંત્ર હર હાથ કો કામ, હર કામ કા સન્માનનો ઉલ્લેખ કરતા શ્રી પટેલે જણાવ્યું કે, ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી સરકારી યોજનાઓના લાભો અને સહાય સીધેસીધા ગરીબોને હાથોહાથ આપવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૨ તબક્કામાં ૧૫૬૭ ગરીબ કલ્યાણ મેળાઓના માધ્યમથી ૧.૬૫ કરોડ દરિદ્રનારાયણોને ૩૪,૫૯૬ કરોડના લાભ-સહાય હાથોહાથ પહોંચાડવામાં આવ્યા છે.

B.COM સેમેસ્ટર-૫ની રદ થયેલી પરીક્ષા તા.૧૮મી ઓક્ટોબરે લેવાશે

વિદ્યાર્થી સંગઠનો પેપર લીકની ઘટનાઓને પગલે રોડ પર ઉતરી આવ્યા હતા

રાજકોટ,તા.૧૪

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગઈકાલે BBA અને B.Comની પરીક્ષાના પેપર લીક થયાની ઘટના સામે આવતા જ યુનિ. તંત્ર એક્શનમાં આવી ગયું હતું. ત્યારે તાજેતરમાં જ યુનિવર્સિટીએ મહત્વનો નિર્ણય લીધો હતો. પહેલાની માફક પરીક્ષાના લાઈવ ઝઝ્રૂ કોઈ પણ જોઈ શકશે. જોકે પરીક્ષાના લાઈવ CCTV યુનિવર્સિટીની સિસ્ટમમાં જ જોઈ શકાશે. CCTVની લાઈવ વ્યવસ્થા બાદ યુનિવર્સિટીએ રદ થયેલી B.COM સેમ ૫ની પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે. B.COM સેમ-૫ની પરીક્ષા ૧૮ ઓક્ટોબરે લેવાનો નિર્ણય યુનિવર્સિટીએ કર્યો છે. યુનિવર્સિટીએ પેપર લીક થતા મહત્વનો નિર્ણય લીધો હતો. BBA અને B.Comની પરીક્ષાના પેપર લીક થતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ હવેથી તમામ પરીક્ષાઓમાં પેપર ઊઈ કોડ સાથે કાઢવાનો નિર્ણય લીધો છે. આ સાથે પરીક્ષાઓમાં પ્રશ્નપત્રો હાર્ડકોપીમાં નહીં મોકલવાનો નિર્ણય લીધો છે એટલે કે હવેથી તમામ કોલેજોને પ્રશ્નપત્રો સોફ્ટ કોપીમાં મોકલવામાં આવશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત કોલેજોમાં પણ પેપર પહોંચી ગયા હતા. આથી હોબાળા બાદ બન્ને પરીક્ષાના પેપરો માર્કેટમાં પહોંચવા અંગે તપાસ હાથ ધરાઇ હતી. જોકે આ ઘટનાની જાણ થતા જ પરીક્ષા નિયામક પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. આ મામલે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં પેપર ફોડનાર સામે ફરિયાદ પણ દાખલ કરાવાઈ હતી. પરીક્ષાના એક દિવસ અગાઉ પરીક્ષા કેન્દ્રો પર પેપરો મોકલાય છે. ૧૩ ઓક્ટોબરે લેવાનારી પરીક્ષાના પેપરની કોપી ૧૨ ઓક્ટોબરે ફરતી થઈ ગઈ હતી.

કામાક્ષીસ્યુડપૅકે અમદાવાદ નજીક બાવળા ખાતે આવેલા તેના નવા ફ્લેક્સિબલ પૅકેજિંગ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટમાં રૂ. ૨૦૦ કરોડનું રોકાણ કર્યું

આ નવા પ્લાન્ટમાં ફ્લેક્સિબલ પેકેજિંગ પ્રોડક્ટ્સની વ્યાપક શ્રેણીનું ઉત્પાદન થશે, જે વપરાશકર્તાઓને બેરિયર પ્રોપર્ટીઝ, એસ્થેટિક્સ અને ઘણી સુવિધા પૂરી પાડશે

અમદાવાદ, તા.૧૪

ફ્લેક્સિબલ પૅકેજિંગ સેક્ટરમાં પોતાની સ્થિતિને મજબૂત કરવા અને પોતાની પ્રોડક્ટના પોર્ટફોલિયોને વૈવિધ્યસભર બનાવવા કામાક્ષી સ્યુડપૅકે હાલમાં જ અમદાવાદ નજીક બાવળા ખાતે તેના નવા ફ્લેક્સિબલ પૅકેજિંગ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું છે. જર્મની સ્થિત સ્યુડપૅક ખાદ્યપદાર્થો, બિન-ખાદ્યપદાર્થો માટેની હાઈ-પર્ફોમન્સ ફિલ્મો અને મેડિકલ પૅકેજિંગની અગ્રણી ઉત્પાદનકર્તા છે, જેણે કામાક્ષી સ્યુડપૅક (અગાઉ કામાક્ષી ફ્લેક્સીપ્રિન્ટ્સ પ્રા. લિ. તરીકે ઓળખાતી હતી)માં રોકાણ કર્યું છે. પોતાની ક્ષમતાઓ અને સમન્વયને ઓળખીને આ બંને કંપનીઓએ સંયુક્તપણે રૂ. ૨૦૦ કરોડના મૂડીખર્ચે આ પ્લાન્ટ સ્થાપ્યો છે. આ બંને કંપનીઓએ જુલાઈ ૨૦૧૯માં એક કરાર કર્યા બાદ આ પ્લાન્ટ સ્થાપવાનો વિચાર આવ્યો હતો અને જૂન ૨૦૨૨માં આ પ્લાન્ટને કાર્યરત કરવામાં આવ્યો હતો.

૨.૨૫ લાખ ચોરસ ફૂટમાં ફેલાયેલો આ નવો પ્લાન્ટ વાર્ષિક ૨૪,૦૦૦ મેટ્રિક ટન (એમટીપીએ)ની સ્થાપિત ક્ષમતા ધરાવે છે અને તે વપરાશકર્તાઓને બેરિયર પ્રોપર્ટીઝ, એસ્થેટિક્સ અને સુવિધા પૂરાં પાડનારા ફ્લેક્સિબલ પૅકેજિંગ ઉત્પાદનોની વૈવિધ્યસભર શ્રેણીનું ઉત્પાદન કરી ભારતીય માર્કેટની પરિપક્વ થઈ રહેલી પૅકેજિંગની જરૂરિયાતોને પૂરી કરશે. આ નવો પ્લાન્ટ જાન્યુઆરી, ૨૦૨૩ સુધીમાં સંપૂર્ણપણે કાર્યરત થઈ જાય તેવી અપેક્ષા છે.

આ લૉન્ચના પ્રસંગે વાત કરતાં કામાક્ષી સ્યુડપૅકના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી હરીશ ગોયલે જણાવ્યું હતું કે, 'આ પ્લાન્ટ સારી રીતે રચવામાં આવેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવે છે, જેમાં આધુનિક એક્સટ્રૂશન, પ્રિન્ટિંગ, કૉટિંગ, લેમિનેશન અને બેગ બનાવવાની ક્ષમતાઓનો સમાવેશ થાય છે. આ સમગ્ર ફેક્ટરી ઈન્ડિયા ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (આઈજીબીસી)ની માર્ગદર્શિકા મુજબનું ગ્રીન બિલ્ડિંગ છે અને તે ગુડ મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસ (જીએમપી) અને ફૂડ ઈન્ડસ્ટ્રીના આંતરરાષ્ટ્રીય નિયમો અને ધોરણોનું પાલન કરશે. અમે ભારતીય બજારોને સારી રીતે સમજીએ છીએ, તે એકબીજાને પૂરક હોય તેવી લેટેસ્ટ ટેકનોલોજીને આવકારે છે.આ ઉપરાંત અમે સ્પેશિયાલિટી પ્રોડક્ટ ઑફરિંગ તરીકે પ્રોડક્ટના નવા સેગમેન્ટમાં પણ પ્રવેશ કરીશું.' આ પ્લાન્ટમાં રોકાણ એ સ્યુડપૅક ગ્રૂપની આંતરરાષ્ટ્રીય વિકાસની વ્યૂહરચનાની દિશામાં લેવામાં આવેલું વધુ એક પગલું છે.

ત્રણ ટીમો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં હજુ કચરાનો ઢગ યથાવત છે. ઠેર ઠેર કચરો જોવા મળે છે. જયોર તુટેલી ફેન્સીંગ વચ્ચે વન આરક્ષિત વિસ્તારમાં દબાણો અને ગંદકીની સાથે રખડતા ઢોરની સમસ્યા વધુ પેચીદી બની રહી છે. જયારે હાલ ચોમાસાના અંતે શહેરના વન આરક્ષિત વિસ્તારની જેમ સેન્ટ્રલ વર્જ અને ફુટપાથ નજીકની જગ્યા પણ કંગાળ અને કચરાથી ઉભરાતી નજરે પડે છે. બિનજરૂરી ઘાસ અને વનસ્પિતના લીધે આસાપસના રહીશો તેમજ વાહનચાલકોને પણ રોજબરોજ અનેક મુશ્કેલી વેઠવી પડે છે. જેને દુર કરવા માટે તંત્રએ ટીમ કામે લગાડી છે. આ ઉપરાંત શહેરના તમામ મુખ્યમાર્ગો આસપાસ હરિયાળા વૃક્ષોની સુંદરતા વધુ નિખરે તે માટે ગેરુકલર કરવાનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૨૬ લાખનો ખર્ચ કરાશે જયારે દિવાળી પુર્વે આ કામગીરી પુર્ણ કરી દેવાશે. વૃક્ષોના થડીયાને નિખારવા કલરકામ તેમજ જંગલ સફાઈ સહીતની કામગીરીના અંતે મુખ્યમાર્ગોની રોનક પણ નિખરશે. શહેરમાં ચોમાસાના ચાર મહીનાથી સફાઈ કામગીરી પર જાણે મીંડુ વાગી ગયુ હોય તેવી સ્થિતિ છે. જયારે હવે દિવાળી ટાંણે તંત્રએ સફાઈ હાથ ધરી છે. સેકટરોમાં પણ કોર્પોરેશનની ટીમ દ્વારા સફાઈ માટે સફાઈ કામદારોને કામે લગાડાયા છે. જો કે હજુ સુધી વન વિસ્તાર તેમજ ફુટપાથ પર ગંદકીના ઢગ યથાવત જોવા મળે છે. નગરના જાહેર સ્થળોએ પણ કચરો દુર કરી નગરને રોચક બનાવવા માટે કોર્પોરેશને પણ સફાઈ ઝુંબેશ હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

તોતિંગ હોર્ડિંગ્સ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળે તે માટે આ પ્રકારના ક્રોસ જંકશન પર સેન્ટ્રલ વર્જમાં પણ અમુક જગ્યા ખુલ્લી છોડી દેવામાં આવી છે. તંત્ર દ્વારા આ ઠેકાણે પેવર બ્લોક લગાવી દેવાયા છે. જેથી ક્રોસ થતી વેળાએ મુખ્યમાર્ગ પરથી આવતા વાહનોને યોગ્ય વિઝન મળી રહે. શહેરમાં માર્ગ અકસ્માતને અટકાવવા માટે સર્વે તેમજ અભ્યાસ પણ ચાલી રહ્યો છે. એકબાજુ પોલીસ અને માર્ગ મકાન વિભાગ દ્વારા બેઠક કરીને રોડ સેફટીના પરિબળોને મજબુત કરવા શુ થઈ શકે તે દીશામાં આયોજન પણ કરવામાં આવી રહ્યુ છે. પરંતુ બીજીતરફ શહેરમાં ડીફેન્સ એક્સપોને અનુલક્ષી મુખ્યમાર્ગો પર આવા ક્રોસ જંકશન પર તોતિંગ હોર્ડીંગ્સ ખોપી દેવાયા છે. જેના લીધે રસ્તો ઓળંગતી વેળાએ વાહનચાલકોને સામેથી માર્ગ પર આવતા વાહનો વિઝનમાં આવતા જ નથી માર્ગ સલામતીની પરવા કર્યા વિના આડેધડ હોર્ડીંગ્સ લગાવી દેવાતા આમ નાગરિકોના જીવ સામે જોખમ ઉભુ થયુ છે. શહેરના ચ માર્ગ પર સે - ૭ : ૮ ની ચોકડી પાસે જ આ મુજબ હોર્ડીંગ્સ લગાવી દેવાતા સામેથી આવતા વાહનોનો ખ્યાલ જ વાહન ચાલકોને આવતો નથી જેના લીધે ગમે ત્યારે જાનલેવા અકસ્માત સર્જાય તેવી દહેશત છે. નગરમાં માર્ગ સલામતીના પરિબળોને અનુલક્ષી અનેકવાર માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી પણ કરવામાં આવે છે. જે અન્વયે આમ નાગરિકોને પૈડા પરની જિન્દગી જોખમી બનતા અટકાવવા માટે જાગૃત કરવાનો પ્રયાસ કરવામા આવે છે. ત્યારે નગરના આંગણે ડીફેન્સ એક્સ્પોના આયોજનને અનુલક્ષી ઉત્સાહના અતિરેકમાં કામ કરતુ તંત્ર આમ નાગરિકોની સલામતીની પણ ઐસી તૈસી કરી પ્રચાર પ્રસારમાં લાગી ગયુ છે. શહેરમાં સરકારી કાર્યક્રમો કે તહેવાર પ્રસંગ ટાંણે પણ ઠેર ઠેર બોર્ડ તેમજ હોર્ડીંગ્સનો ઢગ ખડકાયેલો જોવા મળે છે. ત્યારે પણ આમ નાગરિકોને પડતી હાલાકી કે મુશ્કેલીનો વિચાર કરવામાં આવતો નથી પરંતુ ફુટપાથ તેમજ આસપાસના વિસ્તારમાં પણ આડેધડ ખોદકામ કરી કાર્યક્રમના અંતે પણ લાંબા સમય સુધી બોર્ડસ તેમજ હોર્ડીંગ્સ દુર કરવામાં આવતા નથી જે એક યા બીજી રીતે અવરોધરૂપ બને છે.

3 કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૩ કેસ નોંધાયા છે. શહેર જિલ્લામાં બે દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલ ૩ દર્દીઓમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. જ્યારે એક દર્દી ૬૦ થી વધુ વય ધરાવે છે. મોટી વયના દર્દીઓ અને મહિલા દર્દીઓની વધી રહેલી સંખ્યાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલ ૩ દર્દી લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થયાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે. શહેરમાં આજે સે. ૨ માં ૬૫ વર્ષીય પુરૂષ, વાવોલમાં ૫૭ વર્ષીય પુરૂષ અને સે. ૫ માં ૧૨ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી તેમજ જાહેર સ્થાને પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા સાથે સઘન સર્વેલન્સ અને વેક્સિનેશનની તાકીદ કરી છે.

૪ તળાવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થાયી સમિતિએ આજે ૬૮ કરોડના કામોને ગણતરીની મિનિટોમાં મંજૂરી આપી દીધી હતી.

આજની સ્થાયી સમિતિએ આઉટસોર્સિંગથી ફરજ બજાવતા ૪૯૨ જેટલા કર્મચારીઓના પગાર વધારાનો નિર્ણય કર્યો છે. આ કર્મચારીઓને બે હજારથી રૂ. ૭ હજાર સુધીનો વધારો આપવામાં આવ્યો છે. માસિક રૂ. ૨૨ લાખનો આર્થિક બોજ મનપાની તિજોરી પર પડશે. સ્થાયી સમિતિએ આ નિર્ણય ઔડા-ગુડાએ અન્ય મહાનગરપાલિકાઓમાં કરાયેલા વધારા પછી કર્યો છે. આજે સ્થાયી સમિતિએ ડિસ્ક્રીશનરી ગ્રાન્ટના નિયમોમાં સુધારાને પણ બહાલી આપી હતી. સ્ટ્રીટલાઈટોના મેન્ટેન્સ માટે ૪૫ ટકા નીચા આવેલા ટેન્ડરને પણ આજે મંજૂરી આપવામાં આવી છે.

સ્થાયી સમિતિએ સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરના નવા વિસ્તાર તેમજ મનપાના આંતરિક અને મુખ્ય રોડની સફાઈ તેમજ શહેરના આંતરિક રસ્તાઓની સફાઈના ખર્ચમાં રૂ. ૧ કરોડ ૪૦ લાખનો જંગી વધારો કરવાનો નિર્ણય કર્યો છે. આ રકમના વધારા પછી આગામી રિવાઈઝડ બજેટમાં ઘણા બધા સુધારા વધારા કરવામાં આવશે અને પુરાંત ધરાવતુ બજેટ ખાદ્યમાં જશે તેવા સંકેતો મનપાના સૂત્રોમાંથી મળી રહ્યા છે.

ઈન્દિરાબ્રીજથી ચ-૦ સર્કલ સુધી રોડ સેફ્ટીની કામગીરી માટે રૂ. ૨૫ કરોડની લોન લઈ કામગીરી કરવામાં આવી રહી છે અને હવે રોડ અકસ્માતો ઘટશે તેવા નિર્દેશો સ્થાયી સમિતિના ચેરમેને આપ્યા હતા. જો કે 'ચ' રોડ અને 'ઘ'રોડ પરના સીસીટીવી કેમેરા બંધ હોવાનો મુદ્દો ઉઠતાં તેમણે કહ્યુ હતુ કે આવી કોઈ વાત નથી અને જો બંધ હશે તો તે કાર્યરત કરવામાં આવશે તેમ કહ્યુ હતુ. ઓર્ગેનિક ખાતરના ભાવ નવેસરથી નિયત કરવાની દરખાસ્તને પણ સ્થાયી સમિતિએ મંજૂરી આપી છે. આ ઉપરાંત વધુ ૨૫ હજાર ખુરશીઓ ખરીદવાનો પણ નિર્ણય આજની બેઠકમાં લેવામાં આવ્યો હતો.

મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિધાનસભાની ચૂંટણી વહેલાં યોજવાનો તર્ક રજૂ કર્યો છે. મુખ્ય ચૂંટમી કમિશનર રાજીવ કુમારે ગુજરાત અને હિમાચલની ચૂંટણી એક સાથે કેમ ન યોજાઈ શકે, તેવા સવાલનો જવાબ આપતા કહ્યું કે, શિયાળાની ઋતુ અને આબોહવાને કારણે હિમાચલની ચૂંટણી સમયસર યોજાવી જરૂરી છે. સામે પક્ષે તહેવારોની સીઝનને પણ ધ્યાનમાં રાખવામાં આવી છે અને મહત્વનું છે કે હિમાચલ વિધાનસભા અને ગુજરાત વિધાનસભાનો કાર્યકાળ સમાપ્ત થવા વચ્ચે ૪૦ દિવસનો તફાવત છે એટલેકે બંને ચૂંટણી વચ્ચે અવકાશ રાખવા અને તૈયારીઓ કરવા પૂરતો સમય છે તેથી ગુજરાતની ચૂંટણી પાછળથી યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સિવાય હિમાચલના ૬૮ બેઠકોના આયોજનની સામે ગુજરાતમાં ૧૮૨ વિધાનસભા બેઠકો માટે મોટા આયોજનની જરૂર પડશે. પ્રેસવાર્તામાં તેમણે આપેલ સંકેતો પરથી સ્પષ્ટ થાય છે કે હિમાચલના માત્ર મતદાન નહિ પરંતુ મતગણતરી બાદ જ હવે ગુજરાત અને સંભવિત જમ્મુ કાશ્મીર અંગે નિર્ણય લેવાઈ શકે છે.